# Fun with Family

Day-47 | 15 May, 2020




BAPS





## "FWF Song"

દાદાને ભાવે જલેબી, ને દાદીને ઠંડી છાશ;

મમ્મીને ભાવે પાણીપુરી, ને પપ્પાને પાઉંભાજી ખાસ;

ભાવે બધાને જુદી વાનગી, પણ એક વસ્તુ ફેવરીટ બધાની...???

It is one & only, Fun with Family...

## "ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ"



આજે 'સહજાનંદ નામાવલી'ના
આગળના ૧૦ નામનો અર્થ સમજી
મુખપાઠ કરી ક્વીઝનો આનંદ માણીએ...

અર્થ : https://bit.ly/2SWDPNm

ક્વીઝ : https://bit.ly/3dJpX11

## "Cooking Cap"



બાળમિત્રો, આજે બપોરનું ભોજન આખા પરિવારે ભેગા થઈને બનાવવાનું છે... ચાલો, પરિવારના સૌ સભ્યો માટે **'Cooking Cap'** બનાવીએ અને તે પહેરીને જ રસોઈ બનાવીશું... લીંક દબાવો અને શીખો...

https://bit.ly/2WTfkC9

## ''રસોઈ ઘર''

હવે, આખા પરિવારે મળીને
રસોઈ બનાવવાની છે...
તો જ **'Family Day'** ઉજવાયો
કહેવાશે... ઘરના દરેક સભ્યો
રસોઈ બનાવવામાં મદદ કરશે તો
ખૂબ જ સ્વાદિષ્ટ રસોઈ બનશે...



## ''ઉપર ડબ્બા-નીચે ડબ્બા''



ચાલો, આખો પરિવાર મળીને
રમત રમીએ અને આજના
દિનની ઉજવણી કરીએ...
લીંક દબાવો અને શીખો...

https://bit.ly/3btOQwl

## "Good Family Habit"

આજે એક સારી ટેવ પાડીએ...
આજથી રોજ એક સમયનું ભોજન
આખો પરિવાર સાથે મળીને જ
જમીશું... ગમે તેટલા વાગે પણ
દરેક સભ્ય હાજર થઈ જાય
ત્યારબાદ જ ભોજન કરીશું...
**Promise...???**



## “Mandir Quiz”



ચાલો, હવે મંદિર સંબંધી
ક્વિઝમાં આખો પરિવાર ભાગ
લઈએ... જોઈએ કયો પરિવાર
જવાબ આપી શકે છે...
લીંક દબાવો અને રમો.

https://bit.ly/2T7O9Ci

## “Pasti Island”

Ready... Steady... Go...
લીંક દબાવો અને
એક જોરદાર રમત રમો...

https://bit.ly/2yXMtV5



## “સમૂહ અભિષેક”



હવે, હાથ-પગ ધોઈને, શુદ્ધ થઈને...
પરિવારના બધા સભ્યો મળી
ઠાકોરજીની નાની મૂર્તિનો અભિષેક
કરીશું... અભિષેક કરતી વખતે
મંત્રગાન સાંભળવા લીંક દબાવો...

https://bit.ly/3fQoVlB

# "મારા મિત્ર શ્રીગણેશ"



## ગણપતિનાં અંગો કયા ગુણો સૂચવે છે ? તે જાણવા માટે ગુણોને અંગો સાથે જોડો. આખો પરિવાર મળીને જવાબ શોધો...


**ગ** ફક્ત નજીકનું જ નહિ પરંતુ દૂરનું પણ વિચારવાની પ્રેરણા આપે છે.

નાના પગ



૫

લાંબી સૂંઢ



૬

**ક** કોઈપણ કાર્યમાં ઉતાવળા ન થવાનું કહે છે.

**ખ** ગુસ્સો ન રાખી, ક્ષમાભાવના રાખવાની શીખ આપે છે.

મોટું મસ્તક




૧

નાની આંખો




૨

મોટા કાન



૩

મોટું પેટ



૪

**છ** વિશાળ અને સદ્ઉપયોગી બુદ્ધિનું પ્રતીક છે.

**ઘ** કોઈ પણ કાર્યમાં સૂક્ષ્મ નિરીક્ષણ કરવું, એમ સૂચવે છે.

**ચ** સારી વાતો જ ગ્રહણ કરવાની શીખ આપે છે. ભગવાનની કથા સાંભળવાની તત્પરતા દર્શાવે છે.

- મોટું મસ્તક : ૧ - છ
- નાની આંખો : ૨ - ઘ
- મોટા કાન : ૩ - ચ
- મોટું પેટ : ૪ - ખ
- નાના પગ : ૫ - ક
- લાંબી સૂંઢ : ૬ - ગ

# "એટલે શું ?"

## બાળમિત્રો, હવે અગત્યની માહિતીની નોંધ કરવાની છે... પરિવારના સભ્યોના નામના અર્થ સમજીશું... અને તેની નોંધ કરીશું...

| ક્રમ | સંબંધ | નામ | અર્થ |
|---|---|---|---|
| ૧ | પપ્પા | કેશવભાઈ | કૃષ્ણનું નામ |
| ૨ | મમ્મી | ધરાબેન | પૃથ્વીનું નામ |
| ૩ | ભાઈ | હર્ષ | આનંદ |
| ૪ | દાદા | ભગવાનભાઈ | ઐશ્વર્યવાળા |

## "Family Meeting"

મિત્રો, આટલા દિવસથી આપણે પરિવાર સાથે આનંદ કરીએ છીએ...
તે આનંદ કાયમ જળવાય રહે તે માટે આજે કેટલાક નિર્ણય કરીશું..
'Family Meeting' કરીને નીચેના પ્રશ્નોની ચર્ચા કરો...

પ્ર. ૧ દિવસમાં એકવાર સમૂહભોજન કયા સમયે કરીશું ?

પ્ર. ૨ દિવસમાં એકવાર સમૂહમાં ઘરમંદિરમાં દીવા-બત્તી-આરતી કયા સમયે કરીશું ?

પ્ર. ૩ અઠવાડીયામાં કયા બે દિવસે ઘરસભા કરીશું ?

પ્ર. ૪ અઠવાડીયામાં કયા દિવસે આખો પરિવાર સાથે મળીને મંદિર દર્શન કરવા જઈશું ? વગેરે...



## ''વારતા રે વારતા''



બાળમિત્રો, લીંક દબાવો અને એક અદ્ભુત વાર્તા માણો... અને તે વાર્તા મમ્મી સામે એકશન સાથે રજૂ કરો...

https://bit.ly/2WuPqph

# “My Guru, My Life”

અહીં દેખાતા ફોટોમાં બાળક શું ક્રિયા કરી રહ્યો છે...?
અને સ્વામીશ્રી સાથે શું વાર્તાલાપ કરી રહ્યો છે ?
તે કહી શકશો...??...




# "સત્સંગનું ફળ"

૧




એક હતા શેઠ. ખૂબ ધનવાન અને ભક્તિભાવવાળા.
રોજ સવાર-સાંજ મંદિરે જાય. ભાવથી ભગવાનનાં દર્શન કરે.
મંદિરમાં સાધુ-સંતોને મળે. દર્શન અને આશીર્વાદનો લાભ લે.

૨




સંતો પણ શેઠને રોજ પ્રેમથી આવકારે 'આવો આવો... આવો આવો...!'
'બેસો બેસો... બેસો બેસો...!' સભા પૂરી થાય એટલે કહે, 'બસ જશો
કે...?' આમ પ્રેમપૂર્વક શેઠની સરભરા થાય.

૩



શેઠને સંતોનો આદર-સત્કાર ખૂબ ગમે. 'આવો આવો...
બેસો બેસો... બસ જશો કે...?' એક રાત્રે શેઠ
ઊંઘમાં બોલવા લાગ્યા, 'આવો આવો... બેસો બેસો...!'

૪




બરા...બર રાતના બે વાગ્યા હતા.
તેવામાં શેઠના ઘરમાં ચોર ઘૂસ્યા.
ખૂનખાર ચોર શેઠનો ખજાનો ચોરવા આવ્યા હતા.

૫




ચોર જેવા ઘરમાં ઘૂસ્યા કે અવાજ સાંભળ્યો, 'આવો આવો... આવો આવો...!' ચોર તો એકદમ ચોંકી જ ગયા અને છુપાઈને ખૂણામાં બેસી ગયા. તેમને લાગ્યું કે નક્કી શેઠ જોઈ ગયા છે...!

## બોધ :

**સંતોના આવા પ્રેમભર્યા સામાન્ય શબ્દોથી પણ લાભ થતો હોય, તો સંતોની ઊંડાણભરી વાતોથી કેટલો લાભ થાય ! મોક્ષ મળી જાય. માટે આપણે નિયમિત સત્સંગ કરવો જોઈએ.**

૬





ત્યાં તો ફરીથી અવાજ સંભળાયો, 'બેસો બેસો... બેસો બેસો...' આ વખતે ચોરને ખાતરી થઈ ગઈ કે શેઠ આપણને જોઈ ગયા છે... આથી તેઓ ડરીને ભાગવા લાગ્યા. એવામાં શેઠ બોલ્યા, 'બસ જશો કે...?' આ સાંભળીને તો ચોર ઊભી પૂંછડીએ ભાગી જ ગયા.


# Whatever is Given to God becomes Gold



A beggar spent a whole day begging on the main road of his town. In the evening, when he looked into his bag, he saw that he had only a few handfuls of grain. Holding onto a little bit of hope, he decided to sit there a little longer. Just then...

He saw the golden chariot of the king coming towards him. The beggar was overjoyed. "If I just stand in front of the chariot, the king will surely give me something valuable," he thought. But as he stood up, the king's chariot came and stood still in front of him.





Before the beggar could think of what to do, the king got off the chariot and walked towards him. The beggar was celebrating in his mind, "My fortunes have changed! The king will surely make me rich!" But what's this? The king put his hand out in front of the beggar!

The beggar was surprised. "Oh my! This king has not come to give anything! He's come to take something! What can I give?" He was confused but he did not say a word. He reached into his sack, took out two grains, and placed them into the hands of the king. The king took the two grains and left the beggar there confused.







Returning home that night, the beggar was feeling down and hopeless. He began to fume in his mind, "How stingy and greedy are the people of this world! It is as if compassion and charity are dead!" Frustrated, he threw the fist full of grains he had collected onto the ground.

What a surprise! As the grain fell, two gold coins clanked on the ground. The beggar realized right away, "That was not a king! God had come disguised as a king to test my charity. Oh what a fool I am! If I would have given him everything, I would have as many gold coins as pieces of grain!" He was filled with regret.



# આવું તો આજે જ જાણ્યું !!



ચિત્તો ભલે ૭૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડી શકે પરંતુ તે ગર્જના કરી શકતો નથી.



બ્લ્યૂ વહેલ માછલી એટલી મોટી હોય છે કે જો તે પોતાની પૂંછડી પર ઊભી રહે તો ૧૦ માળની બિલ્ડિંગ જેવડી મોટી લાગે.



તમને જાણીને નવાઈ લાગશે પણ ખિસકોલી અને મધમાખીના શરીર પરની રૂંવાટીની સંખ્યા એકસરખી હોય છે - ૩૦ લાખ.



લીલા રંગનો તિતિઘોડો સુપરસોનિક શ્રવણશક્તિ ધરાવે છે. તે દર સેકન્ડે ૪૫૦૦૦ કંપનવાળો ધ્વનિ સાંભળી શકે છે. જે ધ્વનિની ગતિ કરતાં પણ વધારે કહેવાય.



કેટલાક દરિયાઈ કાચબા હિપોપોટેમસ જેટલા લાંબા હોય છે.



સ્ટારફિશ ગભરાઈ જાય ત્યારે પોતાના હાથ જાતે ખેરવી નાખે છે.



કાગળની શોધ ૪૬૦૦ વર્ષ પહેલાં થઈ હોવાનું મનાય છે. તેટલા જૂના કાગળના ટુકડા આજે પણ મળી આવે છે.


















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/35XDS0I



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. ( **9998999209**)

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ